જન્મદિને વધામણી

ભૂમિકાબેન સુધીરકુમાર જાની

નીલમ એન ભટ્ટ

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫
સ્ક્રીન-૨
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫
સ્ક્રીન-૩
તમાશા
૩.૩૦, ૯.૪૫
સ્ક્રીન-૪
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦
સ્ક્રીન-૫
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
સ્ક્રીન-૬
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં વિદ્યાર્થી કાર્નિવલ

સેક્ટર-૨૧ ખાતે સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે વિદ્યાર્થી કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ધોરણ-૧થી ૧૨ના સઘળા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. કાર્નિવલ અંતર્ગત ધોરણ-૧૨ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ખાણી-પીણીના સ્ટોલ્સ ઊભા કર્યા હતા, તો ધોરણ-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓએ વિવિધ રમતોનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. સિસ્ટર રેણૂકાના માર્ગદર્શનમાં શિક્ષકોના સહયોગથી આ કાર્નિવલ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક યોજ્યો હતો.

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સ્ટ્રેસ મૅનેજમૅન્ટ વિષયે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સ્ટ્રેસ મૅનેજમૅન્ટ વિષયે વ્યાખ્યાન વિદ્યાર્થીનીઓ માટે યોજવામાં આવ્યું હતું. વક્તા કિશોરસિંહ ચૌહાણ દ્વારા આ વિષય અંતર્ગત પરીક્ષાનો ડર દૂર કરવા શું કરવું તે અંગે વિશદ સમજ આપવામાં આવી હતી.

વ્યાખ્યાન અંતર્ગત જ વક્તાએ પ્રેક્ટીકલ્સનો ઉપયોગ પણ વિદ્યાર્થીનીઓને સાંકળીને જ કર્યો હતો, જેનાથી વિદ્યાર્થીનીઓને વિષય સમજવામાં સરળતા રહી હતી.

વિદ્યાર્થીનીઓએ આ વક્તવ્યને સફળ ગણાવી તેના કારણે પોતાનો પરીક્ષા અંગેનો ડર ઓછો થયો હોવાનું સ્વીકાર્યું હતું. આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું, કાર્યક્રમનું આયોજન પ્રા. ગીતાબેન ચૌધરીએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે અધ્યાપકોએ સાથ-સહકાર પૂરો પાડ્યો હતો.

એમ બી પટેલ સ્કૂલના એનએસએસ શિબિરનો ઈન્દ્રોડા ગામમાં આરંભ

તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર, તા. ૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ અંગ્રેજી માધ્યમ શાળાના રાષ્ટ્રીય સેવા યોજના એકમની વાર્ષિક શિબિરનો શનિવારથી ગાંધીનગર જિલ્લાના ઈન્દ્રોડા ગામ ખાતે આરંભ થયો હતો. ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે આયોજિત શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉદ્‌ઘાટક તરીકે ગાંધીનગરના શાસનાધિકારી અસ્મિતાબેન દવે અને સર્વ વિદ્યાલયના કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે પૂર્વ ઈ. આચાર્ય રશ્મિતા વિલ્મથ ક્રિશ્ચિયન ઉપરાંત એમ બી સ્કૂલના પ્રિન્સિપાલ અર્પિત ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યા હતા.

સમારોહનું રસવાહી સંચાલન એમ બી સ્કૂલનાં શિક્ષક વર્ષાબેન પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ શિબિર આગામી તા. ૮ ડિસેમ્બર સુધી ચાલશે. એ પછી ૯મીએ સવારે ઈન્દ્રોડા ગામની સરકારી પ્રાથમિક શાળા ખાતે જ તેનો પૂર્ણાહુતિ સમારોહ યોજાશે.

સવારે ડૉ. આંબેડકરને શ્રદ્ધા સુમન સાંજે તેમના વિશેની દસ્તાવેજી ફિલ્મ

ગાંધીનગર, તા. ૫

ભારત રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરના મહાપરિનિર્વાણ દિવસ નિમિત્તે શનિવારે સવારે ૮ કલાકે ગુજરાત વિધાનસભા સામે સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને શ્રદ્ધા સુમન, પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ દ્વારા યોજવામાં આવ્યો છે.

સમિતિના મહામંત્રી એચ બી મકવાણાએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સવારે પુષ્પાંજલિ ઉપરાંત રાત્રે ૮ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર વિષયક દસ્તાવેજી ફિલ્મ પણ ગુજરાત સરકારના સૌજન્યથી દર્શાવવામાં આવશે. બંને કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા નગરજનોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

લાયોનેસ ક્લબ દ્વારા પાલજ ગામમાં બ્લડ ડોનેશન ને સ્વાસ્થ્ય નિદાન કૅમ્પ

ગ્રામજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો

સમાજસેવામાં સતત પ્રવૃત્ત ગાંધીનગર શહેરમાં કાર્યરત લાયોનેસ ક્લબ ઑફ ગાંધીનગર દ્વારા પાલજ ગામ ખાતે બ્લડ ડોનેશન, આઈ ડોનેશન, પૅપ ટેસ્ટ અને કૅલ્શિયમ ટેસ્ટ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો ગ્રામજનોએ લાભ લીધો હતો.

વૈચારિક મતભેદની આરપાર જોઈ શકતાં સુજ્ઞો-બૌધ્ધિકો હજુ આ દેશમાં મોજૂદ છે

વાચકોની કોલમ
- નટુભાઈ પરમાર

ડૉ. બાબાસાહેબ આંબેડકરનો આજે નિર્વાણ દિન છે ત્યારે, દેશનો સર્વસામાન્ય નાગરિક જો ગરીબ-દલિત-પછાત વર્ગ પ્રતિની તેની ઘૃણાજનક માનસિકતાને ત્યજી દેવાનું પ્રણ લેશે, તો ભારતને એક વિરાટ વૈશ્વિક તાકાત તરીકે સ્થાપવાના આપણા સ્વપ્નને પણ નિશ્ચિતપણે સાકાર કરી શકાશે. ઈતિહાસ એનો સાક્ષી છે કે, રંગભેદ - જાતિવાદ કે માનવ-માનવ વચ્ચેની અસમાનતાને દુર કર્યા વિના દુનિયાનો કોઈ દેશ એના મસ્તકને સ્વમાનભેર ઉન્નત રાખી શક્યો નથી.

આ તરફ ખુદ પણ દલિત અને દલિત અત્યાચારોના સાક્ષી અને સદેહે એને ઝેલનારા ડૉ. બાબાસાહેબ આંબેડકરે દલિતોને સમાન હક્ક મળે તે માટેના એમના જાહેર સંઘર્ષની શરૂઆત કરી ૧૯૨૭માં મહાડ સત્યાગ્રહથી. કિન્તુ એમની પણ પહેલાં મહાત્મા ગાંધી અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશ શરૂ કરી ચૂક્યાં હતાં. ત્યારે ત્રાવણકોરના (અને આજના કેરાલાના) વાયકોમ ખાતે આવેલા શિવ મંદિરમાં અસ્પૃશ્યોના પ્રવેશ માટે ૧૯૨૪-૨૫ના આંદોલનને મહાત્મા ગાંધીના આશીર્વાદ અને પ્રેરણા મળ્યાં હતાં. મહાત્મા ગાંધીએ ૮મી માર્ચ, ૧૯૨૫ના રોજ આંદોલનકારીઓની વાયકોમ જઈ મુલાકાત લીધી હતી અને એમના ટેકામાં લેખો પણ લખ્યાં હતા અને ત્યારના સત્તાવાહકોને અસ્પૃશ્યોની તરફેણમાં સજ્જડ રજુઆતો પણ કરી હતી.

આ બાબતની નોંધ ખુદ ડૉ. બાબાસાહેબ આંબેડકરે પણ લીધી અને કહ્યું : 'જ્યારે કોઈ આપણી પાસે આવવા રાજી નથી ત્યારે ગાંધીએ દાખવેલ આ સહાનુભૂતિ ઓછી મહત્વની નથી.'

તેમ છતાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની દલિતોની અલગ મતાધિકારની માંગણી સામે મહાત્મા ગાંધીએ આમરણ ઉપવાસની જાહેરાત કરી. આથી ડૉ. બાબાસાહેબ આંબેડકરે પીછે હઠ કરી અને એક સમાધાનરૂપે 'પુના કરાર' (જેમાં દલિતોને અનામત અને ચૂંટણીમાં અલગ બેઠકો મળી) સ્વિકારવો પડ્યો. આજ એ ઘટના હતી જેનાથી ડૉ. બાબાસાહેબ આંબેડકર અને એમ દલિતોના મનમાં જો 'મહાત્મા ગાંધી દલિતોના વિરોધી છે' એવી છાપ પડી, તો સામે સરેરાશ હિન્દુઓમાં પણ 'ડૉ. બાબાસાહેબ આંબેડકર મહાત્મા ગાંધીના વિરોધી છે' એવી છાપ પણ મજબૂત થઈ.

આવાં ઐતિહાસિક તથ્યની વચ્ચે પણ એક આધુનિક સંદર્ભનો ઉલ્લેખ પણ અહીં કરવો જ રહ્યો અને તે એ કે વર્ષ-૨૦૧૨માં જ્યારે દેશના પ્રતિષ્ઠિત સામયિક આઉટલૂક દ્વારા સીએનએન-આઈબીએન અને હિસ્ટ્રી ચૅનલના સહયોગમાં 'ધ ગ્રેટેસ્ટ ઈન્ડિયન આફ્ટર મહાત્મા ગાંધી'ની શોધ માટે એક સર્વેક્ષણ રાષ્ટ્રીયસ્તરે થયું ત્યારે, એના આખરી તારણમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું નામ જંગી સંખ્યાના મતો અને અભિપ્રાયો સાથે મોખરે તરી આવ્યું. આ ચેનલ પરથી જ્યારે રાજદીપ સર દેસાઈએ ગ્રેટેસ્ટ ઈન્ડીયન તરીકે ડૉ. બાબાસાહેબ આબંડકરના નામની દમામભેર જાહેરાત કરી ત્યારે, એ અવસરે મહાનાયક અમિતાભ બચ્ચન અને અન્ય મહાનુભાવો પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જેણે એ પુરવાર કર્યું કે, ગાંધી-આંબેડકર બંને મહાન દાર્શનિક વિભૂતિઓ વચ્ચેના આ વૈચારિક મતભેદની આરપાર જોઈ શકતાં સુજ્ઞો-બૌધ્ધિકો હજુ આ દેશમાં મોજૂદ છે, જેઓ બે ભિન્ન વિચારસરણીવાળા રાષ્ટ્રનેતાઓને સાચી રીતે ઓળખવાની સમજ અને ક્ષમતા ધરાવે છે.

મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન સ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ

કોબા સર્કલ પાસે સ્થિત મહાપ્રજ્ઞા વિદ્યા નિકેતન સ્કૂલ ખાતે ૧૧મા વાર્ષિક રમતોત્સવનું આયોજન શનિવારે કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. વિજય બાદ વિદ્યાર્થીઓએ ખુશખુશાલ મુદ્રામાં પોઝ આપ્યા હતા. (તસવીર : દિપેશ પરમાર)

ધ હેટ સ્ટોરી-૩ : જર અને જોરુ માટે 'જમીન' પર ખેલાતો જંગ !

રિયલ વ્યુ
હિરેન ભટ્ટ

એક્શન...થ્રિલર... સસ્પેન્સ અને સેક્સ આ ચાર ચીજનો ચસકો હોય તો આ ચારેય પ્રકારમાં ચાર ચાસણી ચઢે એવી... ચાર મૂળ ગુજરાતીઓ જેની સાથે જોડાયેલા છે એવી, ઈરોટિક રિવેન્જ જોનરની ફિલ્મ 'ધ હેટ સ્ટોરી-૩' જોવા જતાં પહેલાં ચાર વાર વિચારજો...!!!

વિશાલ પંડ્યા નામના ગુજરાતી દિગ્દર્શકની આ ફિલ્મની વાર્તા મૂળ પાલીતાણાના ગુજરાતી લેખક વિક્રમ ભટ્ટે (માધુરી બેનર્જીની મદદથી) લખી છે. ગુજરાતી નાટકોથી શરૂઆત કરનાર ગુજરાતી અભિનેતા શર્મન જોષી અને દૂર દૂરથી ગુજરાત સાથે જોડાયેલી ડેઝી શાહ ('જય હો'-સલમાન ખાન) નામની હિરોઈન આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં છે. આમ આ ચાર ગુજરાતીઓએ 'ધ હેટ સ્ટોરી-૩'ને કોમર્શિયલી સફળતા અપાવવામાં કોઈજ કસર બાકી નથી રાખી.

શર્મન જોષી - આદિત્ય દિવાન અંબાણી અને અદાણી જેવો બિઝનેસ ટાયકૂન છે. પોતાના મોટાભાઈ પ્રિયાંશુ ચેટરજીની સગર્ભા વિધવા પત્ની ઝરીન ખાન - સિયા દિવાન સાથે લગ્ન કરીને ચેરિટી સાથે સફળતાના શિખરો સર કરે છે. ત્યાં તેમના જીવનમાં કરણસિંઘ ગ્રોવર - સૌરવ સિંઘાનિયાની એન્ટ્રી થાય છે... કરણસિંઘ ગ્રોવર બિઝનેસ સ્પર્ધક શર્મન જોષી સમક્ષ 'ઈનડિસન્ટ પ્રપોઝલ' મુકે છે કે, તે પત્ની ઝરીન ખાન ને એક રાત માટે પોતાની પાસે મોકલે, તેના બદલામાં તેને જોઈએ તેટલા નાણા વિના વ્યાજે આપશે...

'ઈનડિસન્ટ પ્રપોઝલ' નામની હોલીવુડની ફિલ્મ આવી હતી. મશહૂર અભિનેત્રી ડેમી મૂર અને રોબર્ટ રેડફોર્ડ - વૂડી હેરાલ્સનની આ ફિલ્મે ૧૯૯૩માં ધૂમ મચાવી હતી. કૉપી-ડિટ્ટો એમ જ કરણસિંઘ ગ્રોવર આ ફિલ્મમાં શર્મન જોષી સમક્ષ પ્રપોઝલ મુકે છે અને શરૂ થાય છે દૂશ્મનાવટ... સ્પર્ધા... પછાડ પ્રક્રિયા... અને બદલો.

શર્મન જોષી પોતાની વફાદાર બિઝનેસ સાથી ડેઝી શાહ-કાયા (ફિલ્મમાં આવું જ નામ છે.)ના કામણથી કરણને મ્હાત કરવાના પ્રયત્નો કરે છે. કરણસિંઘ ગ્રોવર આ શિયાળાની મોસમમાં આદુ ખાઈને કેમ પાછળ પડ્યો છે...? એ આટલો વિષમય કેમ છે એ વિસ્મયની વાત છે !!! 'ધ હેટ સ્ટોરી-૩'નું આ સસ્પેન્સ છે...

'ધ હેટ સ્ટોરી-૩'માં બે અભિનેત્રીઓ ઝરીન ખાન અને ડેઝી શાહ ભલે 'ખુલ્લી' હોય; 'ધ હેટ સ્ટોરી-૩'નું આ સસ્પેન્સ પણ હું ખુલ્લું કરી દઈશ તો આ આખી ફિલ્મમાં પછી 'બંધ' કે 'ઢંકાયેલું' કંઈ જ નહીં રહે...!!!

ટી-સિરીઝના ભૂષણકુમારે દિગ્દર્શક વિશાલ પંડ્યા સાથે ત્રણ ફિલ્મોનું દિગ્દર્શન કરવાનો કોન્ટ્રાક્ટ કર્યો છે. 'ધ હેટ સ્ટોરી' ફ્રેન્ચાઈઝીની પહેલી ફિલ્મમાં બંગાળી અભિનેત્રી પાઓલી ડેમ હતી. આ ફિલ્મ તેના પોસ્ટરને કારણે જ ચર્ચાસ્પદ થઈ ગઈ હતી.

'ધ હેટ સ્ટોરી-૨'માં સુવીન ચાવલા અને એક ગીતમાં સની લિઓની હતી. આ પાર્ટ પણ સેક્સી સીન્સને કારણે ચર્ચામાં હતો. હવે આ ફ્રેન્ચાઈઝીની આ ત્રીજી ફિલ્મમાં તો વિશાલ પંડ્યાએ 'સ્ક્રીપ્ટ અને ભૂમિકાની જરૂરિયાત'ના નામે ચારે બાજુઓ ખુલ્લી મુકી દીધી છે.! ઝરીન ખાન અને ડેઝી શાહ-બન્નેએ સફળતા માટે શિયાળાની જરાય પરવાહ કર્યા વિના વસ્ત્રોનો ત્યાગ કર્યો છે...!!! કરણ સિંઘ ગ્રોવર તો ઑલરેડી એશિયાના 'મોસ્ટ સેક્સીએસ્ટ મેન ઑન પ્લાનેટ'ની યાદીમાં બારમા-તેરમા નંબરે છે...

બોડી બિલ્ડીંગ માટે જબ્બર જાગૃત કરણસિંઘ ગ્રોવર જાણે છે કે તેના ચહેરા સિવાયના શરીરની જ વેલ્યુ છે, અને એનું જ આ ફિલ્મમાં પ્રદર્શન છે.

આઘાત આપે છે આપણો શર્મન જોષી...! 'થ્રી ઈડિયટ્સ' અને 'ફેરારી કી સવારી'ના આપણા ભલાભોળા શર્મને શરમને નેવે મૂકી છે...!!! ઝરીન ખાન સાથેના ઈન્ટીમેટ સીન્સમાં શર્મન જોષી ક્યાંય કન્ફર્ટેબલ નથી લાગતો. ગુજરાતી તખ્તાના લેજન્ડ સરિતા જોષીના ભત્રીજા અને અરવિંદ જોષીના દીકરા શર્મન જોષીએ હવે પ્રેમ ચોપરાના જમાઈની જેમ વર્તવાનું શરૂ કર્યું છે કે શું ??? રિયલ લાઈફમાં પ્રેમ ચોપરાની દીકરી પ્રેરણા ચોપરાને પરણેલા શર્મન જોષીએ 'ગોલમાલ' અને 'રંગ દે બસંતી'માં પણ કમાલ કરી છે. પરન્તુ 'ધ હેટ સ્ટોરી-૩'માં આ અદ્‌ભૂત અભિનેતા મિસ મેચ લાગે છે. અમોલ પાલેકરને તમે ઈમરાન હાશ્મીની જગ્યાએ કલ્પી શકો ???

હિન્દી ફિલ્મોમાં હવે ગીતોને રિક્રિએટ કરવાનો નવો રિવાજ શરૂ થયો છે. ફિલ્મ 'સડક'નું કુમાર સાનુએ ગાયેલું ગીત - 'તુમ્હે અપના બનાને કી કસમ ખાઈ હૈ...' 'ધ હેટ સ્ટોરી-૩'માં 'તુમ્હે અપના બનાને કા ઝુનૂન સર પે હૈ... કબ સે હૈ...'ના અવતારમાં છે... રશ્મિ વિરાગે લખેલું અને અરમાન મલિક-નીતિ મોહને ગાયેલુ અમાલ મલિકે સંગીતબધ્ધ કરેલું આ ગીત પ્રમોશનના અતિરેકને કારણે પોપ્યુલર થઈ જ ગયું છે. 'તુમ્હે અપના બનાને કી કસમ ખાઈ હૈ...'ના યુગથી આપણે 'તુમ્હે અપના બનાને કા ઝુનૂન સર પે હૈ' સુધી પહોંચ્યા છીએ... નવી જનરેશનની દિશા અને દશા માટે આનાથી મોટું બીજું ક્યું ઉદાહરણ હોઈ શકે ? 'ધ હેટ સ્ટોરી-૩'માં ૩૪ મિનિટના તો ગીતો છે, અને આ ગીતો એટલે રોમાન્સ... (અહીં 'સેક્સ' વાંચવું) સવા બે કલાકની ફિલ્મમાં ૩૪ મિનિટ તો 'રોમાન્સ' હોય પછી પૂછવું જ શું ? નિર્માતા-દિગ્દર્શકોએ સેન્સર બોર્ડ સમક્ષ આ ફિલ્મ રજૂ કરી ત્યારે તેમણે 'એ' સર્ટિફિકેટની જ માંગણી કરી હતી... આમ છતાં સેન્સર બોર્ડે ઘણા શબ્દો કાપ્યા, ઘણા સીન્સ ઉડાવી દીધા અને ઘણા દૃશ્યોની લંબાઈ ઓછી કરી, તો પણ 'રોમાન્સ' જોવા જતા પ્રેક્ષકોને તો રોમાંચ અનુભવાશે જ !!!

ટેક્નીકલી વાત કરીએ તો ફિલ્મનો સ્ક્રીન-પ્લે મજબૂત છે. વાર્તામાં ઘણા ટ્વીસ્ટ છે, એટલે છેક છેલ્લા સીન સુધી સસ્પેન્સ અને રસ જળવાઈ રહે છે. સિનેમેટોગ્રાફી અને એડીટીંગ સામાન્ય કક્ષાના કહી શકાય. ઈન્ટીમેટ અને ઈરોટિક સીન્સને સુંદરતા આપવાનો પ્રયત્ન સફળ થયો છે. વિશાલ પંડ્યાનું દિગ્દર્શન પણ સામાન્ય કક્ષાનું.

જર, જમીન અને જોરુ-ત્રણેય કજિયાના છોરુ... આ આપણી ગુજરાતી કહેવત એટલે 'ધ હેટ સ્ટોરી-૩'નો સાર... જર અને જોરુ માટે લડતા પાત્રોનું યુધ્ધ મેદાન અહીં તો 'જમીન' એટલે કે 'પથારી' જ છે !!! જેમ્સ હેડલી ચેઝ પ્રકારની નવલકથાઓ ગમતી હોય... ઈમરાન હાશ્મી અને સની લિઓની આપના આદર્શ હોય તો 'ધ હેટ સ્ટોરી-૩' જોવા જજો... અન્યથા ચાર વાર વિચાર કરજો...!

HATE STORY-3	1	2	3	4	5	6	7	8	9	10
અભિનય										
સ્ક્રીપ્ટ										
મ્યુઝિક										
ટેકનિક										
દિગ્દર્શન										
રેટિંગ	★	★	☆	☆	☆					